# તું પ્રસન્ન રહેજે ઉદયમાં

તું પ્રસન્ન રહેજે ઉદયમાં (૪)
ભલે હોઈ અતિ દુઃખના, ભલે હોય અતિ સુખના . . .
તું પ્રસન્ન રહેજે ઉદયમાં (૨)

દોષ ન જો જો કદી કોઈનો, નિમિત્ત ભૂલી જજો . . .
નિમિત્ત ભૂલી જજો
દોષ ન જો જો કદી કોઈનો, નિમિત્ત ભૂલી જજો . . .
નિમિત્ત ભૂલી જજો
મારા કરેલા નડે છે મુજને (૨), શાંતિ છે સમજણમાં . . .
તું પ્રસન્ન રહેજે ઉદયમાં (૪)

કેવળજ્ઞાનીએ જ્ઞાનમાં જોયું, એ જ્ઞાન તું વિચા . . .રજે
બનવાનું બન્યું છે આજે
કેવળજ્ઞાનીએ જ્ઞાનમાં જોયું, એ જ્ઞાન તું વિચા . . .ર જે
બનવાનું બન્યું છે આજે
ઉદયને ફેરવવા ન મથતો (૨), રહેજે તું સમભા . . .વમાં
તું પ્રસન્ન રહેજે ઉદયમાં (૪)

વાવાઝોડાં ભલે ફૂંકાયે, કદી ના ગભરા . . .ઈ જજે

મેરુ જેમ અડોલ તું  રહેજે

વાવાઝોડાં ભલે ફૂંકાયે, કદી ના ગભરા . . .ઈ જજે

મેરુ જેમ અડોલ તું  રહેજે

ઘડતર થાશે પ્રતિકુળતામાં (૨),

નિર્જરા થાય નફામાં . . .

તું પ્રસન્ન રહેજે ઉદયમાં (૪)

સુખ દુઃખનો કર્તા હું પોતે, એવું નિત્ય વિચા . . . રજે

તારી પરિણતિને સુધારજે

સુખ દુઃખનો કર્તા હું પોતે, એવું નિત્ય વિચા . . . રજે

તારી પરિણતિને સુધારજે

એ જ ભાવને અંતરમાં ઘુંટજે (૨), મળે સમાધી નિજાનંદમાં,

તું પ્રસન્ન રહેજે ઉદયમાં (૨)

ભલે હોય એ અતિ દુઃખના, ભલે હોય એ અતિ સુખના

તું પ્રસન્ન રહેજે ઉદયમાં (૨)

2018-04-13 -